# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 09-05-2024 સવાર : 7.45 થી 7.55

વાર : ગુરૂવાર

### આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

*************************************************

- ✓ લોકસભાના છઠ્ઠા તબક્કા માટે આજે ઉમેદવારી પરત ખેંચવાનો અંતિમ દિવસ... સાત રાજ્યોની 57 બેઠકો માટે 25 મેના રોજ થશે મતદાન
- ✓ લોકસભા ચૂંટણી માટે પ્રચાર અભિયાન તેજ બન્યું... કેન્દ્રીયમંત્રી અમિત શાહ તેલંગાણામાં.... ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી નડ્ડા અને કૉંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી ઉત્તર પ્રદેશમાં કરશે ચૂંટણી પ્રચાર..
- ✓ વિદેશમંત્રી એસ.જયશંકરે કહ્યું પાકિસ્તાન કબ્જા હેઠળનું કાશ્મીર ભારતને પાછું મળવું જોઈએ...દરેક રાજકીય પક્ષ આ માટે પ્રતિબદ્ધ....
- ✓ ઉત્તરાખંડના વનોમાં લાગેલી આગને રોકવા સરકારની પહેલ.....સ્થાનિક લોકોને ચીડ વૃક્ષનો કચરો જમા કરાવવા સામે મળશે નણાકીય વળતર....
- ✓ અને હવામાન વિભાગે ગુજરાત, રાજસ્થાન અને મધ્ય પ્રદેશ સહિતના કેટલાંક ભાગોમાં ગરમી વધવાની શક્યતા વ્યક્ત કરી ..

✓ *************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# ECI- 5TH PHASE CANDIDATES

લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કા માટે ઉમેદવારી પત્ર ભરવાનો આજે અંતિમ દિવસ છે. આ તબક્કામાં 57 બેઠકો ઉપર 25 મેના રોજ મતદાન થશે.

દરમ્યાન પાંચમા તબક્કામાં છ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોની 49 બેઠકો માટે 695 ઉમેદવારો મેદાનમાં છે. કુલ એક હજાર પાંચસો છ્યાસી ઉમેદવારોએ ઉમેદવારીપત્રો ભર્યા હતા. ઉમેદવારીપત્રોની ચકાસણી બાદ 749 ઉમેદવારીપત્રો માન્ય જણાયા હતા.

આ તબક્કામાં ઉત્તરપ્રદેશની 14, મહારાષ્ટ્રની 13, પશ્ચિમ બંગાળની સાત, બિહાર અને ઓડિશામાં પાંચ-પાંચ, ઝારખંડમાં ત્રણ, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખની એક-એક બેઠક પર 20 મેના રોજ મતદાન થશે..

# CAMPAGIN OVER ALL _MORNING

લોકસભા ચૂંટણી માટે પ્રચા રઅભિયાન તેજ બન્યું છે. વિવિધ પાર્ટીઓના નેતાઓએ પ્રજાને રિઝવવાના પ્રયાસો તેજ કર્યા છે. આ તબક્કામાં 10 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશની કુલ મળીને 96 બેઠકો માટે મતદાન થવાનું છે. જેમાં આંધ્ર પ્રદેશની 25, તેલંગાણાની 17 બેઠકો ઉપરાંત ઉત્તર પ્રદેશની 13, મહારાષ્ટ્રની 11, પશ્ચિમ બંગાળની 8, મધ્ય પ્રદેશની 8, બિહાર અને ઝારંખડની 5, ઓડિશાની4 તેમજ જમ્મૂ અને કાશ્મીરની એક બેઠક માટે મતદાન થવાનું છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી મોદીએ ગઈકાલે આંધ્ર પ્રદેશ અને તેલંગાણામાં ચૂંટણી પ્રચાર કર્યો હતો. શ્રીમોદીએ તેલંગાણાના કરીમનગરમાં ચૂંટણી સભાને સંબોધતા કૉંગ્રેસ સામે આકરા પ્રહારો કર્યા હતા. બપોરે વાંરગલમાં ચૂંટણી સભા સંબોધતા તેમણે કૉંગ્રેસ સામે રંગના આધારે દેશને વિભાજીત કરવાનો આક્ષેપ મૂક્યો હતો. શ્રી મોદીએ સાંજે આંધ્ર પ્રદેશના રામજપેટમાં ચૂંટણી સભાને સંબોધન કર્યું હતું. જે બાદ તેમણે વિજયવાડામાં રોડ શૉ પણ કર્યો હતો. ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તેલંગાણામાં ચૂંટણી પ્રચાર કરશે. ગઈકાલે ઉત્તરપ્રદેશના લખીમપુર ખીરીમાં જાહેર સભા સંબોધી હતી.

તો કૉંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ ઉત્તર પ્રદેશના રાયબરેલીમાં ચૂંટણી સભાને સંબોધન કર્યું હતું. પ્રિયંકા ગાંધી વાડ્રાએ અહીં રોજગાર અને મહિલા અનામતના મુદ્દા પર વાત કરી હતી. આ તરફ સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે શાહજહાંપુરમાં ચૂંટણી સભા સંબોધી હતી. તેમણે ભાજપ સામે પ્રહારો કરતા કહ્યું કે ભાજપ ખોટા વાયદાઓ કરી રહ્યું છે. તેમણે ફર્રુખાબાદમાં પણ પાર્ટી ઉમેદવાર માટે ચૂંટણી પ્રચાર કર્યો હતો.

# EC- OBSERVERS 4TH PHASE

કેન્દ્રિય ચૂંટણી પંચે 354 ચૂંટણી નિરીક્ષકો સાથે લોકસભાના ચોથા તબક્કાના મતદાનની તૈયારીઓની ગઈકાલે સમીક્ષા કરી હતી. વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા યોજાયેલી આ બેઠકમાં  મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે ચૂંટણી નિરીક્ષકોને નિષ્પક્ષ, મુક્ત અને સુચારું રીતે  મતદાન થાય તે સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો હતો. શ્રી કુમારે નિરીક્ષકોને મતદાન મથકો પર તમામ જરૂરી સુવિધાઓ સુનિશ્ચિત કરવા પણ જણાવ્યું હતું, ખાસ કરીને ગરમીની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી જરૂરી તમામ પગલાં લેવા જણાવ્યુ હતું..

# UP ELECTION CAMPAIGN

ઉત્તરપ્રદેશમાં લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખી તમામ રાજકીય પક્ષ પૂરજોશમાં પ્રચાર કરી રહી છે. હવે ભાજપનાં વરિષ્ઠ નેતા અને પાર્ટી અધ્યક્ષ જે. પી. નડ્ડા આજે સાંજે રાજધાની લખનઉમાં હશે. તેઓ લખનઉ, ઉન્નાવ, મોહનલાલ ગંજ અને રાયબરેલી લોકસભા મતવિસ્તારમાં વરિષ્ઠ પક્ષકારોની બેઠક કરશે. સાથે જ તેઓ ચૂંટણીના ચોથા તબક્કામાં મતદાન માટે જઈ રહેલા મતવિસ્તારના ધારાસભ્યો અને વિધાન પરિષદના સભ્યની બેઠકનું પણ નેતૃત્વ કરશે.

આ સભાઓ પહેલાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ ચિત્રકૂટ અને ફતેહપુર જિલ્લામાં રાજકીય રેલીઓને સંબોધિત કરશે. તો આ તરફ રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષનાં મહાસચિવ પ્રિયંકા ગાંધીવાડ્રા આજે રાયબરેલી વિસ્તારમાં પ્રચાર કરશે. જ્યારે સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ બહરાઈચ, ધૌરહરા અને લખીમપુર ખીરી મતવિસ્તારમાં પ્રચાર કરશે.

# JAYSHANKAR_POK

વિદેશમંત્રી એસ. જયશંકરે કહ્યું છે કે દેશનો દરેક રાજકીય પક્ષ એ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે કે દેશનું અભિન્ન અંગ એવું પાકિસ્તાનના કબ્જા હેઠળનું કાશ્મીર-POK ભારતને પાછું મળે.

નવી દિલ્હીની ગાર્ગી કૉલેજમાં વિદ્યાર્થીઓ સાથે વાત કરતા તેમણે ઉમેર્યું કે જમ્મૂ કાશ્મીરમાં કલમ 370 હટાવ્યા બાદ POKનો મુદ્દો પ્રાથમિકતા બની ગયો છે. શ્રી જયશંકરે કહ્યું કે લોકોએ સ્વીકારી લીધું હતું કે કલમ 370માં ફેરફાર શક્ય નહોતો, કારણ કે એ સમયના રાજકારણે તેને લોકોના મનમાં ઉંડે સુધી પહોંચાડી દીધુ હતું. વધુમાં તેમણે કહ્યું કે આપણે જોયું કે મોદી સરકારના દૃષ્ટિકોણ બદલવાથી ત્યાની વાસ્તવિક સ્થિતિ બદલાઈ ગઈ. વિદેશ મંત્રીએ કહ્યું કે પીઓકેના સંદર્ભમાં એક સંસદીય પ્રસ્તાવ છે, અને દેશના દરેક રાજકીય પક્ષો એ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે કે POK ભારતમાં પાછું ભળવું જોઈએ.

# UTTARAKHANDFIRE

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ રાજ્યના વનોમાં લાગેલી આગને જોતા રુદ્રપ્રયાગ જિલ્લામાં અનોખા મિશનની શરૂઆત કરી છે. જેમાં મુખ્યમંત્રીએ રુદ્રપ્રયાગ જિલ્લામાં પિરુલ એટલે કે ચીડના વૃક્ષોના પાંદડાની સફાઈ અભિયાન ઝુંબેશમાં ભાગ લીધો હતો અને સ્થાનિક લોકોને આ ઝૂંબેશમાં જોડાવા માટે આપીલ કરી.

આ ઝુંબેશ અંતર્ગત જંગલની આગ રોકવા માટે સ્થાનિક લોકો દ્વારા જંગલમાં પિરુલ એકત્ર કરી, તેનું વજન કરીને તેને નક્કી કરેલા પિરુલ ભંડાર કેન્દ્રમાં એકત્ર કરવામાં આવશે. જે બાદ એકત્ર કરેલા પિરુલના વજનના આધારે 50 રૂપિયા પ્રતિ કિલોગ્રામના ભાવે વળતર જે – તે વ્યક્તિના ખાતમાં ઑનલાઇન ટ્રાન્સફર કરાશે. સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટની દેખરેખમાં જે-તે વિસ્તારમાં આ સેન્ટર ખોલવામાં આવશે. ગ્રામજનો દ્વારા અપાયેલા પિરુલનું પેકિંગ અને પ્રોસેસિંગ કરી તેનો પુન:ઉપયોગ કરાશે. 'પિરુલ' ઉત્તરાખંડમાં ચીડના વૃક્ષોના ચીડમાંથી બનેલા ઉત્પાદનો માટે વપરાતો સ્થાનિક શબ્દ છે.

# IMD WEATHER

ભારતીય હવામાન વિભાગએ રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં આગામી દિવસોમાં ગરમીમાં વધારો થાય તેવી આગાહી કરી છે. હવામાન વિભાગએ જણાવ્યું છે કે, આગામી પાંચ દિવસ દરમિયાન ગુજરાત અને કેરળના દરિયાકાંઠાના ક્ષેત્રોમાં વાતાવરણ ભેજવાળું અને ગરમ રહેશે.

તેમજ પૂર્વ ભારતમાં, પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ અને ઓડિશામાં આગામી 4 દિવસ દરમિયાન સ્થિતિ યથાવત રહેશે. આગામી દિવસોમાં તમિળનાડુ, પુડુચેરી, આંધ્રપ્રદેશ, તેલંગાણા, કેરળ અને કર્ણાટકમાં વરસાદ પડવાની શક્યતા છે. હવામાન વિભાગએ જણાવ્યું છે કે, આગામી દિવસોમાં મહારાષ્ટ્ર, અને છત્તીસગઢમાં ભારે પવન સાથે છૂટાછવાયા વરસાદની આગાહી કરી છે.

# HAJJ PILGRIMS-FIRST BATCH

કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાંથી આ વર્ષે સાત હજાર હજયાત્રીઓ હજ કરશે. આજે શ્રીનગર આંતરરાષ્ટ્રીય હવાઈ મથકેથી ત્રણસો વીસ યાત્રાળુઓની પ્રથમ બેચ  રવાના થશે. લગભગ 37 મહિલા હજયાત્રીઓ મેહરમ વગર હજ યાત્રા કરશે.

# MALDIVES FM VISIT

માલદીવના વિદેશ મંત્રી મૂસા ઝમીર ભારતની ત્રણ દિવસની મુલાકાતે ગઈકાલે સાંજે નવી દિલ્હી પહોંચ્યા હતા. તેઓ વિદેશમંત્રી ડૉ. એસ જયશંકર આજે પરસ્પર દ્વિપક્ષીય સહકાર અને પ્રાદેશિક મુદ્દાઓ પર બેઠક કરશે.

વિદેશ મંત્રાલયે કહ્યું કે, માલદીવ હિંદ મહાસાગર ક્ષેત્રમાં ભારતનો મુખ્ય દરિયાઈ પડોશી છે અને વિદેશ મંત્રી ઝમીરની મુલાકાત બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સહયોગને વધુ વેગ આપશે તેવી અપેક્ષા છે.

# NIA – JAMMU KASHMIR

રાષ્ટ્રીય તપાસ એજન્સી – NIAએ કાશ્મીરમાં ધૂષણખોરી એક કેસમાં પ્રતિબંધિત જૈશ-એ-મહોમ્મદના ટોચના આતંકવાદીની છ અચળ સંપત્તીઓ કબ્જે કરી છે. એજન્સીએ એક નિવેદનમાં કહ્યું છે કે આતંકવાદી આસિફ અહમદ મલિકની સંપત્તિ પુલવામાંના મીરપોરામાં આવેલી છે, જેને NIAની વિશેષ કોર્ટના આદેશ બાદ કબ્જે કરાઈ છે. 2020માં આસિફ અહમદ મલિકની ધરપકડ કરવામાં આવી હતી, એ સમયે તેમની પાસેથી હથિયાર, દારૂગોળો અને વિસ્ફોટકો મળી આવ્યા હતા. હાલ આસિફ અહમદ મલિક પર જમ્મૂની કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MANIKA BATRA TENNIS

ભારતીય સ્ટાર ટેબલ ટેનિસ ખેલાડી મણિકા બત્રાએ વિશ્વની 14માક્રમાંક પર રહેલી જર્મનીની નિના મિત્તલહમને જેદ્દા ખાતે ચાલી રહેલી સાઉદી સ્મેશના ક્વાર્ટર ફાઈનલમાં હરાવી દીધી હતી. મણિકા બત્રાએ 22 મિનીટ સુધી ચાલેલી આ રમતમાં મિત્તલહમને11-6, 11-9, 11-7થી મ્હાત આપી હતી.

જર્મનીની ખેલાડી સામે બત્રાનો આ પહેલો વિજય છે. જ્યારે આ બંનેનો ચાર-ચાર વખત સામનો થયો છે. હવે ભારતીય ખેલાડીની ટક્કર આગામી ક્વાર્ટર ફાઈનલમાં પાંચમા ક્રમાંક પર રહેલી જાપાનની હિના હયાતા સાથે થશે.